# ખાલીપો

**–આશા વીરેન્દ્ર**

ખોં, ખોં, ખોં, ઉધરસ ખાતાં ખાતાં રમણલાલે પુછ્યું, ‘કેટલા વાગ્યા ?’

કંટાળેલાં સરલાબહેને છણકો કર્યો, ‘હજી પાંચ મીનીટ પહેલાં તો પુછ્યું હતું ! શું કરવું છે તમારે કેટલા વાગ્યા તે જાણીને ? કંઈ કામ–કાજ તો છે નહીં !’

રમણલાલની આંખે ઝામરનાં પાણી ઉતરેલાં એટલે લગભગ અંધાપો અને સરલાબહેન અસ્થમા અને સંધીવાના દુ:ખાવાથી હેરાન પરેશાન. બન્ને એકમેકના ટેકે જીવન ઘસડ્યે જતાં હતાં.

‘જુઓને, આ બે જણની રસોઈ બનાવતાં તો મને શ્વાસ ચડી જાય છે. એવી થાકી જાઉં છું કે, મારાથી નક્કામું જ ખીજાઈ જવાયું. ખરાબ નથી લાગ્યું ને ?’

‘ના, ના હુંયે સમજું છું. તારી ઉમ્મર થઈ એટલે, બાકી પરાગ હતો ત્યાં સુધી કેવી ફેરકુદરડી જેવી ફરી વળતી હતી !’

પરાગનું નામ આવતાં જ પગમાંથી બધું જ જોર ઓસરી ગયું હોય એમ સરલાબહેન ધબ્ દઈને ખુરસી પર બેસી પડ્યાં. ‘આજ–કાલ કરતાં દસ વર્ષ થઈ ગયાં. જ્યારે હોય ત્યારે ફોન પર આવું છું, આવું છું કર્યા કરે છે. પણ તમને શું લાગે છે, પરાગ આવશે તો ખરો ને !’

રમણલાલ જવાબ આપે એ પહેલાં એક યુવાન બારણામાં આવીને ઉભો. કદ, કાઠી બધું એ જ. રમણલાલે વીચાર્યું, અચાનક પહોંચી જઈને ડોસા–ડોસીને ખુશ કરી દેવાં એમ કરીને આવ્યો લાગે છે ! ‘કોણ, પરાગ ? નહીં ફોન, નહીં કાગળ–પત્તર ને આમ ઓચીન્તો જ !’

‘પરાગ નથી હવે ! શું તમેય તે ! આંખે સરખું દેખાતું તો છે નહીં ને ! આવ ભાઈ, અંદર આવ !’ સરલાબહેને બારણું પુરું ખોલીને યુવકને આવકાર્યો.

અંદર ન આવતાં આગન્તુક ખચકાઈને ત્યાં જ ઉભો. ‘આ વોરાસાહેબનું જ ઘર છે ને ?’

‘કોણ વોરાસાહેબ ?’ સરલાબહેન હજી પુછે છે ત્યાં રમણલાલ બોલી ઉઠ્યા, ‘મુકને માથાકુટ વોરા ને બોરાની ! ભાઈ, તું તારે અંદર આવ. બે ઘડી વાતો તો કરીએ ! બોલ્યા વગર મોંમાં જાળાં બાઝી જાય છે.’

યુવાન અંદર તો આવ્યો; પણ આ બન્નેનું વર્તન એને કંઈક વીચીત્ર લાગ્યું. ડગુમગુ થતાં સરલાબહેન પાણી લાવ્યાં, ‘લે ભાઈ લે, ઠંડુ પાણી પી. ને હા દીકરા, તારું નામ શું ?’

‘મારું નામ વીનય. હું ધંધુકાથી અહીં કૉલેજમાં ભણવા આવ્યો છું. મારે પેઈંગગેસ્ટ તરીકે રહેવું છે. મી. વોરા સાથે ફોન પર વાતો પણ થઈ છે.’

રમણલાલ અને સરલાબહેન બન્નેની આંખોમાં એકીસાથે ઝબકારો થયો, આ તો બાજુવાળા ! વીનયને મુંઝવણ થઈ આવી. શું વાત કરવી ? ત્યાં તો રમણલાલ જ બોલ્યા,

'અમારે તારા જેવડો જ દીકરો છે, પરાગ. ખુબ હોશીયાર, હં ! દસ વર્ષ થયાં એને અમેરીકા ગયાને. બહુ સારું કમાય છે.'

'તો તો હવે પાછો શેનો આવે ?' વીનયથી બોલાઈ ગયું.

ચા–નાસ્તો લઈને આવેલાં સરલાબહેનને માઠું લાગી ગયું, 'આવશે જ વળી. નહીં શેનો આવે ! એનેય થતું તો હશે જ ને કે, મારાં ઘરડાં મા–બાપ એકલાં એકલાં શું કરતાં હશે ?'

વીનયને થયું, આ આશાભર્યાં માવતર પાસે મારે આવું નહોતું બોલવું જોઈતું. ત્યાં રમણલાલે વાતને ધક્કો મારતાં કહ્યું, 'અમને બન્નેને આ ઘર ખાવા દોડે છે. તું આ વોરાને બદલે અહીં જ રહેવા આવી જાય તો !'

વીનય ચોંકી ઉઠ્યો. આ બે મળીને મને સાણસામાં લેવાની કોશીશ તો નથી કરતાં ને ! એ વધુ કંઈ વીચારે તે પહેલાં વળી રમણલાલે આગળ ચલાવ્યું, 'જો, તને કોઈ વાતે તકલીક નહીં પડવા દઈએ. ને રહેવા, ખાવા–પીવાનું બધું જ સાવ મફત...'

'મફત ? શા માટે ? તમે કેમ મારે ખાતર આ બધું કરવા તૈયાર થાઓ છો ? હું તો તમારે માટે સાવ અજાણ્યો છું ?' વીનયે અકળાઈને કહ્યું.

'કારણ કે, આ બધું કરવાથી અમને થશે કે, ઘડપણમાં અમે બે સાવ એકલાં નથી. અમારી પડખે કોઈ તો છે, એવો સધીયારો રહેશે. અને બીજી વાત, અમારા બેમાંથી એક ઓચીન્તું મરી જાય તો લોકોને ભેગા કરવા કોઈક તો જોઈશે ને ?' સરલાબહેન બોલતાં બોલતાં રડી પડ્યાં.

વીનયને બન્નેની ખુબ દયા આવી; પણ અચાનક ઉભા થયેલા આ સંજોગોમાં શું કરવું તે એને સુઝતું નહોતું. 'હું જરા વીચાર કરીને જવાબ આપું. અત્યારે તો મારે મોડું થાય છે.' કહેતાં તે ઉભો થયો.

રમણલાલ દીવાલને ટેકે ટેકે તેની પાછળ ગયા, 'ઘડીક બેઠો હોત તો સારું લાગત; પણ વાંધો નહીં. હવે તો તું અમારી સાથે જ રહેવા આવી જઈશ. ઘર ભર્યું ભર્યું લાગશે.'

'ક્યારે જવાબ આપીશ, દીકરા ? કાલે કે પરમ દીવસે ? ને હા, ફોન નંબર તો લેતો જા. તું એક ફોન કરી દઈશને તો હું તારે માટે બધી તેયારી કરી રાખીશ. આવજે હં, બેટા !' સરલાબહેનનો અવાજ તરડાઈ ગયો.

બારણું બંધ કરી બન્ને અંદર આવ્યાં. 'શું લાગે છે, તમને ? એ આવશે કે નહીં ?'

'હું કેવી રીતે કહી શકું ? પોતાના લોકોનાં મનમાં શું છે એનીયે ખબર આપણને પડતી નથી; તો વળી પારકાનાં મનની તો કેમ ખબર પડે ?'

સરલાબહેને ભીની આંખ પર સાડલાનો છેડો દાબ્યો; પછી રમણલાલ તરફ જોઈને બોલ્યાં, 'આમ ને આમ આપણે ક્યાં સુધી રાહ જોયા કરીશું...?'

(જયન્ત દળવીની મરાઠી વાર્તાને આધારે)

તા. 16/11/2010ના 'ભુમીપુત્ર' પાક્ષીકના છેલ્લે પાનેથી સાભાર...

**–આશા વીરેન્દ્ર**

સર્જક–સમ્પર્ક :
બી–401, દેવદર્શન, હાલર, વલસાડ– 396 001
ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137
ઈ–મેઈલ : avs_50@yahoo.com

'હરીશ્ચન્દ્ર' બહેનોના દેહાવસાન પછી, વર્ષોથી 'ભુમીપુત્ર'ને છેલ્લે પાને આવતી વાર્તા આપવાનું કામ બહેન આશા વીરેન્દ્રે સંભાળ્યું છે. એમની પાસેથીયે હવે આપણને ગુજરાતી સીવાયની અન્ય ભાષાઓમાં રચાયેલી નાનકડી જીવનલક્ષી વાર્તાઓ નીયમીત મળતી રહેશે..

આપનું સ્વાગત છે આશાબહેન વાર્તાજગતમાં અને 'સન્ડે ઈ–મહેફીલ'માં..ઉત્તમ ગજ્જર..

♦●♦

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષ: સાતમું - અંક: 236 – January 29, 2012
'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

More than 1,19,10,000 Gujarati Language lovers have visited
**http://www.gujaratilexicon.com**
More than 10,55,000 have visited Digital Bhagwadgomandal
**http://www.bhagwadgomandal.com**
More than 2,20,000 have visited Lokkosh
**http://lokkosh.gujaratilexicon.com**

@@@@@@@